વૈશાલી પટેલ

# લગની લાગી છે કૈલાસ-માનસરોવર યાત્રાની

*શ્રદ્ધાળુ હોય એ યાત્રાળુ બને કે પછી યાત્રા કરવાથી શ્રદ્ધા વધે? નિત્ય ભક્ત-યાત્રી વૈશાલી પટેલને પૂછી જુઓ!*



**અ**મદાવાદના લૉ ગાર્ડન વિસ્તારમાં આવેલા સમર્થેશ્વર મહાદેવના મંદિરમાં રોજ સાંજની આરતી વખતે એક બાળકી ડંકો વગાડવા પહોંચી જતી. બાળકીમાંથી યુવતી બનેલી આ યુવતી હવે હિમાલય પર્વતમાળામાં હજારો ફૂટ ઊંચે એક બીજો ડંકો વગાડી રહી છે.

વૈશાલી પટેલ નામની ૨૯ વર્ષની અમદાવાદી યુવતી ગયા જુલાઈ મહિનામાં સાતમી વાર કૈલાસ-માનસરોવરની યાત્રાએ જઈ આવી. આ ગુજરાતી છોકરીને કૈલાસપતિ શિવજીનું ઘેલું લાગ્યું છે.

ગળામાં રુદ્રાક્ષની માળા પહેરીને આગંતુક સાથે *ઓમ નમઃ શિવાય* કહીને જ વાત કરતી આ યુવતી હાલ કેનેડામાં એના પતિ સાથે ઠરીઠામ થઈ ગઈ છે, પણ એનો કૈલાસપ્રેમ શિખર પર રહ્યો છે.




અમદાવાદની *શારદામંદિર સ્કૂલ*માં ભણીને પછી *સી.એન. વિદ્યાલય*માં ફાઈન આર્ટ્સનો અભ્યાસ કરનારી વૈશાલીને નાનપણમાં મનાલી-સિમલામાં ટ્રેકિંગ-હાઈકિંગનો શોખ જાગ્યો. કુદરતી સૌંદર્ય માણવાનો શોખ ધીમે ધીમે શ્રદ્ધામાં પરિણમ્યો. વીસ વર્ષની ઉંમરે પહેલી વાર કૈલાસ જવાની જીદ પકડી ત્યારે ઘરના વિરોધ સામે વૈશાલીએ કપરાં ચઢાણ ચઢવા પડ્યાં. એકલી છોકરીને કૈલાસ કેમ મોકલવી? એ સવાલ સૌને હતો.

વૈશાલી કહે છે: 'એ વખતે મેડિકલ ફિટનેસ માટે સિવિલ સર્જનનું સર્ટિફિકેટ મેળવવા દસ દિવસ સુધી સાઈકલ પર ધક્કા ખાધા હતા. ઘરનાને એમ કે અહીંથી જ થાકીને ના પાડી દેશે, પણ હું મક્કમ હતી.'

૧૯૯૪માં ૪૫ હજાર રૂપિયા ખર્ચીને વૈશાલી પહેલી વાર કૈલાસ-માનસરોવર યાત્રાએ પહોંચી. ભારતના વિદેશ મંત્રાલયના નેજા હેઠળ આ યાત્રા થાય છે, જેમાં એક બેચમાં વધુમાં વધુ ૩૫ જણને મંજૂરી આપવામાં આવે છે. ભારતમાં નવી ડાંગ સુધી *કુમાઉ મંડલ વિકાસ નિગમ* ખાવા-પીવાની વ્યવસ્થા રાખે છે. આ જગ્યાએથી ઓમ પર્વતનાં દર્શન થાય છે, પણ જેવા તમે ચીનની સરહદમાં જાવ એટલે તમારું કોઈ ધણીધોરી નહીં. ચીન ફીપેટે વ્યક્તિદીઠ આશરે ૬૫૦ ડૉલર લે છે. નવી ડાંગથી કૈલાસયાત્રીઓ લીપુપાસ (ભારત-ચીનની સરહદ) પર પહોંચે છે. કૈલાસયાત્રામાં રોજ ૧૫-૨૦ કિલોમીટર ચાલવું પડે છે. ચીનના તાબા હેઠળના પુરંગ ગેસ્ટ હાઉસ સુધી ચાલતા પહોંચો પછી ત્યાંથી બસમાં ૬૦ કિલોમીટર દૂર માનસરોવર લઈ જવામાં આવે. વૈશાલી કહે છે કે ૧૯૯૪માં પહેલી વાર માનસરોવર જોયું ત્યારે મેં સાનભાન ગુમાવી દીધું હતું. હું દોડીને પાણીમાં કૂદી પડી હતી. ત્યાં પહોંચ્યા પછી તમે તમારી જાતને રોકી શકો જ નહીં. મારી સાતેય યાત્રા વખતે હું શિવજીના ધામમાં રડી છું. હું જ નહીં, ઘણા લોકો અહીં પહોંચીને રડે છે.

બે દિવસની આશરે ૭૫ કિલોમીટરની માનસરોવરની પરિક્રમા વૈશાલીએ બે વખત કરી છે. હવે જો કે બસમાંય માનસરોવરની પરિક્રમા થઈ શકે છે. માનસરોવર પછી ૪૫ કિલોમીટરે આવે કૈલાસ પર્વત. અમરનાથમાં જેમ બરફનું શિવલિંગ બને છે એમ શ્રદ્ધાળુઓ કૈલાસ પર્વતમાં શિવજીનાં દર્શન કરે છે. કૈલાસ પર્વતમાં બે નેત્રો અને જટામાંથી ગંગાનું અવતરણ થતું હોય એવો આકાર-ભાસ ઘણાને થાય છે.

કૈલાસ પર્વતની પરિક્રમા ત્રણ દિવસની છે. એ પગપાળા અથવા તો યાક રાખીને કરી શકાય. આ ગુજ્જુ છોકરીને લાગે છે કે કૈલાસ-માનસરોવરે એનામાં નવી ચેતના જગાવી છે. અધ્યાત્મનો રંગ એને ચઢ્યો છે. એ કહે છે: 'કૈલાસ પર્વતની પરિક્રમા કરતાં જાવ તેમ તેમ તમને પર્વતના આકારમાં શિવલિંગ, નાગ, ગણેશ કે ક્યારેક પાર્વતી જેવાં સ્વરૂપ દેખાય. ત્યાં પહોંચ્યા પછી હું કોઈ પ્રાર્થના, સ્તુતિ કે પૂજા નથી કરી શકતી. બસ, હું ત્યાં ખોવાઈ જાઉં છું.'



કૈલાસ-માનસરોવરમાં કોઈ મંદિર-મૂર્તિ કે પૂજારી નથી. અહીં છે દિશાની દીવાલો અને આકાશનો ઘુમ્મટ. આ અમદાવાદી યુવતીને જો કે કૈલાસની દિશા મળી ગઈ છે. એ વિસ્તારના લોકો અને રસ્તામાં આવતા ગામડાંવાળાય વૈશાલીના ઓળખીતા થઈ ગયા છે.

ઈન્ડિયા રૂટ પરથી ત્રણ વાર ગયા પછી વૈશાલીને લાગ્યું કે આના કરતાં નેપાળ રૂટ વધુ અનુકૂળ છે. ગયા વર્ષે નેપાળ સાઈડથી એક જ વર્ષમાં એ ત્રણ વખત કૈલાસ-માનસરોવર જઈ આવી.

*કૈલાસની યાત્રા કેટલી વખત કરવાની ઈચ્છા છે?*

જવાબમાં એ કહે છેઃ 'કૈલાસ પર્વત કમળ જેવો છે. શિવજી તો વચ્ચે બેઠા છે. માન્યતા એવી છે કે તેર વખત પર્વતની બહારી પરિક્રમા કર્યા પછી અંદરની બાજુ પરિક્રમા કરી શકાય. બૌદ્ધો માને છે કે વચ્ચે બુદ્ધ બેઠા છે અને આજુબાજુ પાંખડીઓમાં બૌદ્ધ સાધુ. બૌદ્ધ લામાઓ અંદરની પરિક્રમા કરે છે. મારી ઈચ્છા તેરનો શુભ આંકડો વટાવીને ત્યાં પહોંચવાની છે.'

જો કે એવુંય કહેવાય છે કે કૈલાસ પરના કુંભમાં પરિક્રમા કરે એને તેર પરિક્રમા કર્યા બરાબર જ કહેવાય, પણ વૈશાલી કાંઈ શૉર્ટ કટ કરવા નથી માગતી. ભોળાનાથના લગાવમાં એ બે વાર અમરનાથ પણ જઈ આવી છે.

હાલમાં કૈલાસ જનારા માટે ત્રણથી પાંચ હજારના તબીબી ટેસ્ટ ફરજિયાત છે. વૈશાલીએ કૈલાસ જનારા માટે એ ટેસ્ટ સસ્તામાં થાય એ માટે અમદાવાદની અમુક લૅબોરેટરીને કન્સેશન અપાવવા પણ પ્રયાસ કર્યો હતો. ગુજરાત સરકાર કૈલાસ-માનસરોવરના યાત્રીઓને વીમો અને કિટ આપે છે. ગુજરાતના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ભૂતપૂર્વ ચૅરમૅન પ્રવીણ કોટક કહે છે કે કૈલાસયાત્રીઓ માટે કેવી કિટ આપવી અને એમને કેવી સુવિધા આપવી તે અંગેનાં વૈશાલીનાં સૂચનો અમને મળે છે. ગયા વર્ષે અને આ વર્ષે મળીને ત્રણસો કરતાં વધુ ગુજરાતી કૈલાસયાત્રાએ ગયા હતા. વૈશાલી આ લોકો માટે ફ્રી સ્લાઈડ શો યોજીને માહિતી આપે છે. વૈશાલી સાથે કૈલાસયાત્રા કરી આવનાર તરુબહેન પટેલ કહે છેઃ 'કૈલાસયાત્રા અવર્ણનીય છે. ફરી વાર એની સાથે જ જવાની ઈચ્છા છે.'

કૈલાસયાત્રા માટે અત્યારે એક વ્યક્તિનો આશરે ૬૫ હજાર જેટલો ખર્ચ થાય છે. પહેલી વાર કૈલાસ જઈ આવ્યા પછી વૈશાલીએ અમદાવાદ-મુંબઈમાં કૈલાસ-માનસરોવર-હિમાલય વિષય પર ચિત્રો બનાવીને એક એક્ઝિબિશન પણ યોજ્યું હતું. અમદાવાદના એન્જિનિયર-





પ્રજ્ઞેશ વ્યાસ

કૉન્ટ્રાક્ટર મહેશભાઈ પટેલના પરિવારમાં સૌથી નાની વૈશાલી ખાધેપીધે સુખી છે. બહેન સલોની અમેરિકામાં પરણી છે અને ભાઈ બિરજુ મુંબઈમાં છે. પતિ નિત્ય શાહ કેનેડામાં એન્વાયર્નમેન્ટલ એન્જિનિયર છે. જો કે લાખ રૂપિયાનો સવાલ એ છે કે દર વર્ષે આટલો બધો ખર્ચ કેમ પોસાય? પોતાની શ્રદ્ધા-શોખને પોષવા માટે વૈશાલીએ પ્રોફેશનલ બનીને ઉકેલ કાઢી લીધો છે. છેલ્લાં ત્રણ વર્ષથી હવે એ દર વર્ષે ગ્રુપમાં લોકોને લઈ જાય છે. ત્રણ વર્ષમાં સોએક જણને કૈલાસ-માનસરોવરની યાત્રા એણે કરાવી છે, જેમાં બિનનિવાસી ભારતીયો-ગુજરાતીઓ પણ ખરા. વૈશાલીનું કહેવું છે કે ભારતીય રૂટ પરથી ભારતીય પાસપોર્ટ ધરાવતા લોકો જ જઈ શકે છે એટલે એનઆરઆઈ માટે નેપાળનો રૂટ વધુ અનુકૂળ છે. નેપાળના રૉયલ ફૅમિલીનાં એક લેડી મેમ્બર પણ મારી સાથે કૈલાસયાત્રાએ આવ્યાં હતાં.

દિલ્હીથી કાઠમંડુ અને ત્યાંથી માનસરોવર થઈને પાછા દિલ્હીની ૧૮ દિવસની આ પૅકેજ યાત્રા માટે વૈશાલીએ આખી વ્યવસ્થા ઊભી કરી લીધી છે. પોતાનાં જ વાહનો અને અનુભવી માઉન્ટેનિયર્સને એ પોતાની ટીમમાં રાખે છે, જેમાં ૧૪ દિવસનું પેટ્રોલ, ખાવા-પીવાની સામગ્રી, ટેન્ટ્સ, સ્લીપિંગ બૅગ્સ...બધી વસ્તુ પોતાની સાથે જ રાખે છે. એ કહે છેઃ 'નજીકના ભવિષ્યમાં જ હું હેલિકૉપ્ટર સર્વિસ હાયર કરીને કૈલાસયાત્રા કરવાનું વિચારી રહી છું. આ માટેની જરૂરી વિધિ જે તે સરકારો સાથે કરી રહી છું, જેમાં એક જ દિવસનો જીપમાં પ્રવાસ કરવાનો રહેશે.'

શિવજીના પ્રેમમાં કૈલાસ-માનસરોવર પહોંચવા આ છોકરીએ ઊંચી છલાંગ લગાવી છે. કૈલાસ-માનસરોવરના બહોળા અનુભવ પરથી વૈશાલી હવે એક પુસ્તક લખવાનું વિચારી રહી છે.

અને હા, વૈશાલીના અમદાવાદના સમર્થેશ્વર મહાદેવમાં ડંકો વગાડવાના નિત્યક્રમને લીધે જ એને નિત્યનો ભેટો થયો હતો. હવે શિવજીની ભક્તિ એ કેમ કરીને છોડે?

● મનીષ મહેતા

*કૈલાસમાં કોઈ મંદિર-મૂર્તિ નથી. અહીં તો છે દિશાની દીવાલો અને આકાશનો ઘુમ્મટ*